# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા-૨૦૨૫ માટેની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ માં જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષય/વિષયોમાં ગેરહાજર રહેલ હોય અથવા એક કે તેથી વધુ વિષય/વિષયોમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં (NEEDS IMPROVEMENT) સુધારણાને અવકાશ ધરાવે છે તેવા વિદ્યાર્થીઓ વર્ષ-૨૦૨૫ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ માં જે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે પરંતુ પોતાના પરિણામને સુધારવા ઇચ્છુક છે તેવા વિદ્યાર્થીઓ પણ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પૂરક-૨૦૨૫ માં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **https://hscscipurakreg.gseb.org** પરથી ONLINE કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વીકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીઓની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

**પરીક્ષા માટેનું ઓનલાઇન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ:૧૯/૦૫/૨૦૨૫ હતી જે વધુ બે(૨) દિવસ માટે લંબાવીને તારીખ:૨૧/૦૫/૨૦૨૫(સાંજના ૧૭:૦૦ કલાક) સુધી કરવામાં આવે છે.**

**ખાસ નોંધ**:-

1. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૫ માટે કન્યા ઉમેદવાર કે દિવ્યાંગ ઉમેદવાર જે વિષય/વિષયોમાં પરીક્ષા આપવા ઇચ્છુક હોય તો તે વિષય/વિષયો માટેનું આવેદન ઓનલાઇન સબમીટ કરી રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. કન્યા કે દિવ્યાંગ ઉમેદવારના Seat Number ની સામે ટીકમાર્ક કરી રજીસ્ટ્રેશન કરવું. વિદ્યાર્થીના Seat Number ની સામે ટીકમાર્ક ન કરેલ હોય તેવા કિસ્સામાં કન્યા ઉમેદવાર કે દિવ્યાંગ ઉમેદવાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે નહીં.
2. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સૂચનાઓ ઉપરોકત વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે.

તારીખ:- ૧૯/૦૫/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર